www.prepp.in

prepp
Your Personal Exams Guide

Language Code : **06**

इस पुस्तिका में **16** मुद्रित पृष्ठ हैं।
This booklet contains **16** Printed pages.

# SAS-24-II

**प्रश्न-पत्र-II / PAPER-II**

**गुजराती भाषा परिशिष्ट**

**Gujarati Language Supplement**

**भाग-IV & V / PART-IV & V**

**मुख्य परीक्षा पुस्तिका संख्या / Main Test Booklet No.**

**मुख्य परीक्षा पुस्तिका कोड / Main Test Booklet Code**

**O**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 15 व 16) पर दिए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page 15 & 16) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें। / FOR INSTRUCTIONS IN GUJARATI SEE PAGE 2 OF THIS BOOKLET.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I एवं भाग II **या** III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **O**। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :

   भाग-IV : भाषा-I (गुजराती) (प्र. 91 से प्र. 120)

   भाग-V : भाषा-II (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं। **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा-I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

## INSTRUCTIONS FOR CANDIDATES

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Part I and Part II **OR** III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **O**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :

   Part-IV : Language-I (Gujarati) (Q. 91 to Q. 120)

   Part-V : Language-II (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part-V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :

अनुक्रमांक : (अंकों में) / Roll Number : in figures ____________________

: शब्दों में / in words ____________________

परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :

परीक्षार्थी के हस्ताक्षर : ____________________ निरीक्षक के हस्ताक्षर : ____________________

Candidate's Signature : Invigilator's Signature :

Facsimile Signature Stamp of
Centre Superintendent : ____________________

www.prepp.in

Language Code : **06**

આ પુસ્તિકામાં **16** પાનાં છે.

# SAS-24-II

## પેપર-II

## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

ભાગ IV & V

પરીક્ષા પુસ્તિકા સંકેત

**O**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં ( 15 & 16 ) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

***પરીક્ષાર્થિઓ માટે દિશાનિર્દેશ :***

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ**.
2. પરીક્ષાર્થી ભાગ I અને ભાગ II **અથવા** III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **O**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ – 2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે.
   ભાગ-**IV** : ભાષા-**I** (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ-**V** : ભાષા-**II** (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ-**IV** માં ભાષા-I માટે 30 પ્રશ્ન અને ભાગ-V માં ભાષા-II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા-I અને/અથવા-II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ-V (ભાષા-II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા-I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં): ____________________

અનુક્રમાંક : અંકોમાં : ____________________

: શબ્દોમાં : ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં): ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________________ નિરીક્ષક દસ્તખત : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

Prepp
Your Personal Exams Guide

**ભાગ–IV (પ્ર. 91 થી 120) ફક્ત ગુજરાતી ભાષા–I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted **GUJARATI** as **Language-I** only.

→

Prepp
Your Personal Exams Guide

## PART-IV
## LANGUAGE-I
## GUJARATI

સૂચના : ભાગ-IV (પ્ર. 91 થી 120 ) ફક્ત ગુજરાતી ભાષા-I નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો કાળજીપૂર્વક વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધીને લખો. (91 - 99).**

મહાપુરુષોએ આપણને આહાર અને વિહારને પોતાના કાબુમાં લેવાનું સૂચન કર્યું છે. મનુષ્ય પાસે પુષ્કળ ક્ષમતા છે પરંતુ તે જો આહાર અને વિહાર પર પોતાનો કાબુ ગુમાવે તો તેનું શરીર રોગોનું ઘર થઈ જાય અને જીવન અદ્ભૂત લાગવાને બદલે બોજ લાગવા માંડે. શરીરની તમામ ઈન્દ્રિયો અને મનને જીતવું એ આપણા જેવા સામાન્ય માણસની વાત નથી. એ તો મહાપુરુષો કરી શકે પરંતુ આપણે મન અને ઈન્દ્રિયોને સારા માર્ગે વાળવાનો પ્રયત્ન તો કરી જ શકીએ. ચલો, કદાચ સારા માર્ગે વાળવામાંય આપણને શ્રમ કરવો પડે પરંતુ આપણે તેને સમજીને વિવેકપૂર્વક ખરાબ માર્ગે જતા તો રોકી જ શકીએ. આહાર માટે આખું વિજ્ઞાન છે અને તેને લગતા અનેક નિયમો વિદ્વાનોએ સૂચવેલા છે. પરંતુ વિહાર માટે તો ઉચ્ચ પ્રકારનું ખૂબ ઓછું સાહિત્ય આપણે ત્યાં ઉપલબ્ધ છે. વિહારનો અર્થ અહીં બ્રહ્મચર્ય તરીકે આપણે લેવો છે. સંયમથી પ્રાપ્ત થયેલી ઊર્જા દ્વારા માનવી ધારે તે ક્ષેત્રમાં પોતે આગળ વધી શકે છે. વિહાર સાથે મન જોડાયેલું છે, અને માનવીની સંપૂર્ણ ક્રિયા મનને જ આધારિત હોય છે - જેથી યુવાનીમાં મનને કેળવવું અને તેને યોગ્ય દિશામાં વાળવું ખૂબ જરૂરી બની જાય છે. વર્તમાન સમયમાં ઠેર-ઠેર પીરસાતું અશ્લીલ સાહિત્ય, ફિલ્મો અને અનેક કુસંગો માનવીની ક્ષમતાને દબાવી દે છે અને તે બસ જાણે કે ખાઈ પીને બેસી રહે - એવું પશુમય જીવન જીવતો બની જાય છે.

વેદથી લઈને તમામ શાસ્ત્રોએ વિકારો સામે લડવા માટે સંયમનો મહિમા ગાયો છે. એની માટે મનને કેળવવું બહુ જરૂરી ગણાય છે. પહેલાના સમયમાં કહેવાતું કે ભારત એ મુક્તિનો પ્રદેશ છે. અહીં જન્મ મેળવવો એ જ મનુષ્ય જીવનની શ્રેષ્ઠતમ ઉપલબ્ધિ છે, કારણકે અહીં જીવનને ભોગો તરફ વાળવામાં નથી આવતું. અહીં જીવનને સંયમિત કરીને માણવામાં અને પરમાત્માને પ્રાપ્ત કરાવવામાં આવે છે.

**91.** શેનાથી માણસ ધારે તે સિદ્ધિ મેળવી શકે?
(1) શરીર (2) બળ (3) ઊર્જા (4) મગજ

**92.** 'પુષ્કળ' શબ્દનો વિરોધી શબ્દ શોધો.
(1) સીમિત (2) ઓછું (3) તમામ (4) વિપુલ

**93.** 'કાબુ' શબ્દનો સમાનાર્થી :
(1) અંકુશ (2) ખોબો (3) સંત (4) સંસ્કાર

**94.** શેના વિશે આપણે ત્યાં સાવ ઓછું લખાયું છે?
(1) સંસ્કાર (2) ઊર્જા (3) આહાર (4) વિહાર

**95.** અહીં 'વિહાર' એટલે શું?
(1) ખોરાક (2) બ્રહ્મચર્ય (3) જવું (4) રહેવું

**96.** 'પરમાત્મા' કયો સમાસ થશે?
(1) ઉપપદ (2) દ્વિગુ (3) બહુવ્રિહી (4) મધ્યમપદલોપી

**97.** કઈ વાત સામાન્ય માણસના વશની વાત નથી?
(1) વૃત્તિઓ પર કાબુ મેળવવો (2) ભજન કરવું
(3) આહાર કરવો (4) વિહાર કરવો

**98.** કયા દેશમાં જીવનને ભોગો તરફ વાળવામાં આવતું નથી?
(1) આફ્રિકા (2) ઓસ્ટ્રેલિયા (3) અમેરિકા (4) ભારત

**99.** 'ક્રિયા મનને જ આધારિત હોય છે' વિધાનમાં કઈ વ્યાકરણીય વિશેષતા છે?
(1) કૃદંત (2) નિપાત (3) અલંકાર (4) સમાસ

**નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો. (100 - 105).**

મેં ગ્રંથોમાં જીવનપથનાં સૂચનો ખોળી જોયાં,
ને તીર્થોના મલિન જળમાં હાડકાં બોળી જોયાં;
અંધારામાં દ્યુતિકિરણ એકાદ યે પામવાને,
મંદિરોનાં પથરપૂતળાં ખૂબ ઢંઢોળી જોયાં,
સંતો કેરા કરગરી કરી પાદ પ્રક્ષાલી જોયા,
એકાન્તોના મશહુર ધનાગાર ઊઘાડી જોયા
ઊંડે ઊંડે નિજ મહિં સર્યો તેજકણ કામવાને,
વિશ્વે વંદ્યા પણ સકલ ભંડાર મેં ખાલી જોયા !
ને આ સર્વે ગડમથલ નિહાળતાં નેણ તારાં
વર્ષાવતાં મુજ ઉપર વાત્સલ્ય પિયૂષધારા.
તેમાં ન્હોતો લવ પણ મને ખેંચવાનો પ્રયાસ,
ન્હોતો તેમાં અવગણનના દુ:ખનો લેશ ભાસ !
જ્યોતિ લાધે ફક્ત શિશુને એટલી ઉરકામ,
મોડીમોડી ખબર પડી, બા, તું જ છો જ્યોતિધામ.

**100.** કવિએ કેવા જળમાં સ્નાન કર્યું છે?
(1) રંગીન (2) ગરમ (3) સ્વચ્છ (4) ગંદા

**101.** 'પિયૂષધારા' કયો સમાસ થશે?
(1) મધ્યમપદલોપી (2) કર્મધારય (3) ઉપપદ (4) બહુવ્રિહી

**102.** કવિનું ખરું જ્યોતિધામ કયું છે?
(1) સંતો (2) બા (3) ઈશ્વર (4) મંદિર

**103.** બધાજ ભંડારો કવિને કેવા લાગે છે?
(1) અધૂરા (2) ચિક્કાર (3) ખાલી (4) ભર્યા

**104.** કવિને શેની કામના છે?
(1) ભક્તિ (2) પ્રસાદ (3) તેજકણ (4) અન્ન

**105.** 'ગડમથલ' શબ્દનો શિષ્ટ અર્થ શોધો.
(1) વિભાગ (2) ગૂમડું (3) મથામણ (4) શોધ

**106.** સંકેતભાષા સંદર્ભે નીચેનામાંથી કયુ સાચું નથી?
(1) સંકેત ભાષામાં વ્યાકરણ હોતું નથી
(2) સંકેત ભાષામાં વ્યાકરણ હોય છે
(3) સંકેત ભાષાના ઘણા વૈવિધ્યરૂપો છે
(4) સંકેત ભાષા નૈસર્ગિક ભાષા છે.

Prepp
Your Personal Exams Guide

**107.** નીચેનું શૈક્ષણિક કાર્ય વિવિધ વિદ્યાર્થીજૂથોને આપવામાં આવ્યું છે. આ શબ્દભંડોળ શીખવાની પ્રવૃત્તિને શું કહેવાય તે શોધો. નીચેના શબ્દો સાથે સંલગ્ન એવા વાક્યો અને શબ્દો શોધો.

Family Relationship Feeling

(1) શબ્દગુચ્છ (2) શબ્દજાળ
(3) વિષયવસ્તુ આધારિત શબ્દભંડોળ (4) શબ્દસમૂહો

**108.** વ્યાકરણ શીખવા-શીખવવા સંદર્ભે પ્રક્રિયાત્મક જ્ઞાન એટલે...
(1) વ્યાકરણમુદ્દાઓના નિયમોની જાણકારી
(2) ભાષા અને તેની સંસ્કૃતિની જાણકારી
(3) વ્યાકરણના મુદ્દાઓને કેવી રીતે આવરી લેવા એની જાણકારી
(4) વ્યાકરણમુદ્દા વિશેની જાણકારી

**109.** એક વિદ્યાર્થી એક ચોક્કસ વિષયની જાણકારી માટે છાપામાં એક સમાચાર વાંચે છે. આ વાચનને શું કહેવાય?
(1) સૂક્ષ્મવાચન (2) અભ્યાસકૌશલ (3) સમીક્ષાત્મક વાચન (4) સારસંગ્રહ

**110.** ભાષાશિક્ષક વર્ગખંડમાં એક વાર્તા અંગ્રેજીમાં કહે છે અને વિદ્યાર્થીઓને જૂથકાર્ય દ્વારા એમની અન્ય પરિચિત ભાષાઓમાં કહેવાનું જણાવે છે તેમ જ છેલ્લે વર્ગની સામાન્ય ભાષામાં કહેવાનું જણાવે છે. આ શિક્ષણશાસ્ત્રીય પદ્ધતિને કયા નામથી ઓળખવામાં આવે છે?
(1) બહુભાષા શિક્ષણ (2) ભાષા સંપ્રાપ્તિ (3) આંતરભાષાગમન (4) બહુભાષી નીતિ

**111.** છઠ્ઠા ધોરણની વિદ્યાર્થીની શ્રેયા તેના પિતાની બદલી થવાથી પંજાબના જલંધર શહેરને છોડીને તમિલનાડુના મદુરાઈ શહેરમાં જાય છે. શ્રેયાની માતૃભાષા પંજાબી છે અને શાળામાં દ્વિતીય ભાષા તરીકે તે અંગ્રેજી ભણી છે. પાડોશીઓને કારણે તેને તમિલ ભાષા વાંચતા અને બોલતા આવડે છે. શ્રેયાના આ ભાષાઓના જ્ઞાન સંદર્ભે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?
(1) પંજાબી, તમિળ અને અંગ્રેજી તેણે શીખેલી ગણાય
(2) અંગ્રેજી ભાષાસંપ્રાપ્તિ ગણાય અને પંજાબી તથા તમિળ તેણે શીખેલી ભાષાઓ ગણાય
(3) શ્રેયાની પંજાબી અને તમિળ ભાષાની જાણકારી ભાષાસંપ્રાપ્તિ ગણાય અને અંગ્રેજી ભાષા શીખેલી ગણાય
(4) તમિળ શ્રેયાની ભાષાસંપ્રાપ્તિ ગણાય અને અંગ્રેજી તથા પંજાબી તેણે શીખેલી ગણાય

**112.** સાતમા ધોરણની શિક્ષિકા એક જોડીકાર્ય કરાવે છે જેમાં દરેક જોડીને દસ વાક્યની એક વાર્તા આપવામાં આવે છે. જોડીમાંનો એક સભ્ય જે વાક્ય વાંચે તે એનો બીજો જોડીદાર લખે છે. પછી વાંચનાર જોડીદાર લખે અને લખનાર જોડીદાર વાંચે છે. આ પ્રમાણે બધી જોડીઓ વાર્તા પૂરી કરે છે. ત્યારપછી તેઓ પોતાના લખાણને અસલ વાર્તાપ્રત સાથે સરખાવે છે. આ પ્રવૃત્તિને શું કહેવાય?
(1) વાક્ય શ્રુતલેખન (2) અન્યોઅન્ય શ્રુતલેખન (3) અન્યોઅન્ય લેખન (4) અન્યોન્ય શ્રવણ

**113.** દૈનિક વ્યવહારમાં અને મુખોમુખ પ્રત્યાયનમાં જે ભાષા પ્રયોજાય છે એને શું કહેવાય?
(1) કમ્યૂનિકેટિવ લેંગ્વેજ સ્કીલ્સ
(2) ઈન્ટરપર્સનલ લેંગ્વેજ પ્રોફિશિઅન્સી
(3) કૉગ્નિટિવ એકેડેમિક લેંગ્વેજ પ્રોફિશિઅન્સી (CALP)
(4) બેસિક ઈન્ટરપર્સનલ કમ્યૂનિકેશન સ્કીલ્સ (BICS)

**114.** માધ્યમિક સ્કૂલની એક શિક્ષિકા વિદ્યાર્થીઓને એક પાઠ/વાર્તા આપીને આ વાર્તા/પાઠ વાંચવાની અને એમાંના વિચારો અને અર્થને સત્તા અને ન્યાયના સંદર્ભે ચર્ચા કરવાની સૂચના આપે છે. શિક્ષિકા વિદ્યાર્થીઓમાં કઈ બાબત વિકસાવવાનો પ્રયત્ન કરી રહી છે?
(1) સમીક્ષાત્મક ભાષાવિકાસ (2) ઉચ્ચસ્તરીય ભાષાકૌશલ્યો
(3) સમીક્ષાત્મક સાક્ષરતા કૌશલ (4) સમીક્ષાત્મક પદ્ધતિશાસ્ત્ર

Prepp
Your Personal Exams Guide

**115.** એક શૈક્ષણિક પદ્ધતિમાં એક શિક્ષક અને ચાર વિદ્યાર્થીઓ મળીને એક સહયોગી જૂથ બનાવે છે જેમાં દરેકની ભિન્ન ભૂમિકા છે. પાઠમાંના એક ફકરાની સામગ્રી અંગે સંવાદ થાય છે જેના દ્વારા રચાતી સંધાનપૂર્ણ વિકાસની ભૂમિમાં ગદ્યાર્થગ્રહણ વાંચનમાં સુધારો થાય છે. આ પદ્ધતિનું નામ જણાવો.

(1) સંરચનાત્મક અભિગમ

(2) આદર્શ વાચન

(3) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ

(4) પારસ્પારિક શિક્ષણ

**116.** ઉપચારાત્મક શિક્ષણ (રેમિડિયલ ટિચિંગ) મુખ્યત્વે કોના માટે છે?

(1) પોતાની ભણવા અને ભણાવવાની પદ્ધતિમાં પરિવર્તન ઈચ્છનાર કે એને સુધારવા માંગતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માટે

(2) પરીક્ષામાં ભાષાના પેપરમાં વધુ ગુણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે અને શિક્ષકો માટે

(3) જે વિદ્યાર્થીઓએ ભાષા શિક્ષણના કેટલાંક ચોક્કસ આયામો પર ધ્યાન આપવું જરૂરી હોય એમના માટે

(4) કેટલાક ચોક્કસ વિદ્યાર્થીની ભાષાશિક્ષણની જરૂરિયાત અનુસાર જે શિક્ષકોને પોતાની શિક્ષણ પદ્ધતિ નક્કી કરવી હોય એના માટે

**117.** આંતરભાષાકીય ઓળખ એટલે.....

(1) દ્વિતીય ભાષા શીખતી વખતે સ્થાનિક ભાષા નડતરૂપ બને છે એવું વિદ્યાર્થીનું તારણ

(2) વિવિધ ભાષાઓ શીખતી વેળા વિવિધ ક્ષમતાઓ પ્રભાવિત થાય છે એવું વિદ્યાર્થીનું સમજણજ્ઞાન

(3) સ્થાનિક ભાષામાં અને લક્ષ્ય ભાષામાં કશુંક સમાન છે એવું વિદ્યાર્થીનું તારણ

(4) સ્થાનિક ભાષામાં અને લક્ષ્ય ભાષામાં કશુંક વિષમ છે એવું વિદ્યાર્થીનું તારણ

**118.** કોઝિકોડિના એક સમુદાયવિશેષ દ્વારા બોલાતી મલયાલમ ભાષા ત્યાંના અન્ય લોકો દ્વારા બોલાતી મલયાલમથી જુદી છે. આ સમુદાય વિશેષ દ્વારા બોલાતી મલયાલમને શું કહી શકાય?

(1) મલયાલમની સામાજિક બોલી (2) આ બંને જુદીજુદી ભાષાઓ છે.

(3) મલયાલમની બે વિવિધતા (4) મલયાલમની પ્રાદેશિક બોલી

**119.** સઘન વાચન નીચેનામાંથી કયા હેતુ માટે નથી?

(1) વ્યાકરણ શિક્ષણ માટે વાંચન

(2) આનંદ માટે વાંચન

(3) કદર કરવા માટે વાંચન

(4) જ્ઞાનમૂલ્ય માટે વાંચન

**120.** ત્રિભાષી ફોર્મ્યુલા સંદર્ભે નીચેનામાંથી કયુ સાચું છે?

(1) માતૃભાષા / ગૃહભાષા / પ્રથમ ભાષા તરીકે હિન્દી

(2) માતૃભાષા / ગૃહભાષા / પ્રથમ ભાષા તરીકે અંગ્રેજી

(3) માતૃભાષા / ગૃહભાષા / પ્રથમ ભાષા તરીકે પ્રાદેશિક ભાષા

(4) અંગ્રેજી / હિન્દી / ગૃહભાષા / પ્રથમ ભાષા તરીકે સ્થાનિક ભાષા

Prepp
Your Personal Exams Guide

**ભાગ–V (પ્ર. 121 થી 150)** ફક્ત ગુજરાતી **ભાષા–II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted **GUJARATI** as **Language-II** only.

Prepp
Your Personal Exams Guide

## PART-V
## LANGUAGE-II
## GUJARATI

**સૂચના : ભાગ-V (પ્ર. 121 થી 150 ) ફક્ત ગુજરાતી ભાષા-II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.**

**નીચે આપેલ ફકરાને કાળજીપૂર્વક વાંચી, એની નીચે આપેલા પ્રશ્નોના સાચા વિકલ્પો શોધી ઉત્તર લખો (121-128).**

સમયની સાથે બધું બદલાય છે. દિવાળી બેસતું વર્ષ-ભાઈબીજ-લાભપાંચમ આ બધા દિવસોની ઉજવણી આજે પણ ઉત્સાહ અને ઉમંગપૂર્વક થાય છે. દર વર્ષે થાય છે પણ આજે ઉત્સવની પાછળ લોકો નાણાં ખૂબ ખર્ચે છે અને આનંદ-પ્રમોદનાં સાધનોનો કોઈ તૂટો નથી છતાં એટલું તો જોઈ શકાય છે કે આજથી દશ-વીસ કે ત્રીસ વર્ષ પહેલાની દિવાળીમાં જે દૈવત હતું તે આજે જવલ્લે જ જોવા મળે છે. આજે ફટાકડાની તડાફડી ખૂબ બોલે છે. ફટાકડામાં વિવિધતા બેસુમાર જોવા મળે છે. વિજ્ઞાનના નવા યુગમાં આપણે પ્રચંડ શક્તિશાળી ફટાકડા જોઈએ છીએ અને એનાથી જે અવાજ થાય છે, જે ઘોંઘાટ પેદા થાય છે તેમાં નરી કર્કશતા અને માણસની શ્રવણશક્તિ ઉપર રીતસરના અત્યાચાર જેવું લાગે છે. ફટાકડામાં-દારુગોળામાં અવાજની બુલંદી છે તેમાં ભીષણતા છે. પણ નવા વર્ષના શુભ આરંભના આનંદનું પ્રસન્ન ગીત નથી ! માત્ર અવાજ, ઘોંઘાટ, રાહદારીને ત્રાસ જ નહીં, ફટાકડા ફોડનારાને પણ કાનમાં આંગળીઓ નાખી દેવી પડે! એવી જ રીતે ધડાકા-ભડાકાની સાથે જ ભડકા અને શ્વાસ રુંધનારા ધુમાડા જોવા મળે છે. વાતાવરણને જાણે વધુ ગુંગળાવનારું અને દૂષિત બનાવવા માટેનો જ આ એક હઠીલો પ્રયાસ આપણને લાગે. અગાઉમાં દિવાળી-બેસતું વર્ષ-ભાઈબીજના તહેવારોમાં દારૂખાનું ફૂટતું હતું. ફટાકડાની ખરીદીમાં પણ એક પસંદગીની દૃષ્ટિ હતી. આજે તો એક જ વાત જોવા મળે છે. ઘોંઘાટની હરીફાઈ અને આંખ બાળે તેવા ભડકાની હરીફાઈ ! અગાઉ જે શાંત તેજ હતું, પ્રસન્નતા હતી, ધીમી ગતિ હતી, ઉજવણીમાં જે શોભા-સંયમ હતા તે આજે ક્યાં છે? વિક્રમ સંવતનું નૂતન વર્ષ શરૂ થાય, વીતેલા વર્ષની વિદાયને સલામ આપવામાં આવે ત્યારે તે એક મંગળ અવસર બની જતો. દીપોત્સવીના તહેવાર નિમિત્તે સગાસંબંધીઓ અને સ્નેહીઓનું મિલન થતું.

**121.** કાન માટે શું અત્યાચારરૂપ બની રહે છે?

(1) ફટાકડાનો અવાજ (2) ડી.જે. સંગીત (3) શાસ્ત્રીય સંગીત (4) સુગમ સંગીત

**122.** જમાનો કેવો છે?

(1) પરિવર્તનશીલ (2) ઝડપી (3) નાજુક (4) વિકસિત

**123.** આજની દિવાળી કેવી બની ગઈ છે?

(1) સુંદર (2) પ્રદૂષિત (3) અજવાળાવાળી (4) પાવન

**124.** 'દૂષિત' શબ્દનો વિરોધી શબ્દ લખો

(1) દુખિત (2) ખરાબ (3) મલીન (4) નિર્મળ

**125.** 'વાતાવરણ' શબ્દનો સાચો સંધિવિગ્રહ શોધો

(1) વાત + આવરણ (2) વાતાઆ + વરણ (3) વાતા + આવરણ (4) વાતાવ + આવરણ

Prepp
Your Personal Exams Guide

**126.** 'દૈવત આજે જવલ્લે જ જોવા મળે છે' વિધાનમાં નિપાત શોધો.

(1) જોવા (2) જ (3) દૈવત (4) આજે

**127.** 'બેસુમાર' શબ્દનો સમાનાર્થી શોધો.

(1) વિપુલ (2) સમય (3) મારનાર (4) સોજુ

**128.** આજના ઉત્સવો કેવા છે?

(1) પરંપરિત (2) નિરસ (3) ખર્ચાળ (4) ભભકાવાળા

**નીચે આપેલો ફકરો કાળજીપૂર્વક વાંચી, નીચે આપેલા પ્રશ્નોના સાચા વિકલ્પો શોધી ઉત્તર લખો (129-135).**

આજે દેવ-ગુરુ અને ધર્મની બધી સામગ્રી આપણી સમક્ષ પડેલી છે તેવે સમયે જો આપણે આપણું ફાનસ તૈયાર નહિ કરી લઈએ- જ્ઞાનનો દીવો પ્રગટાવી નહિ લઈએ તો મૃત્યુ પછીનો અજાણ્યો અંધારો માર્ગ આપણે અથડાતા કૂટાતા જ પસાર કરવો પડશે. મોટાભાગના લોકો આત્મવંચનામાં જીવે છે અને મોત પછીની વિકટ વાટ માટે કંઇ તૈયારી રાખતા નથી. જે થોડાક માણસો આ બાબતે સજાગ હોય છે તે જ પોતાનો દીવો તૈયાર કરી રાખે છે. મૃત્યુ પછીની વાટ તો જીવ માત્રે પોતાના દીવાના અજવાળામાં જ પસાર કરવી પડે છે. ત્યાં કોઈનો સાથ મળતો નથી અને કોઈના દીવો કામ આવતો નથી. ગુરુ ગમે તેટલા જ્ઞાની હોય તો પણ ગુરુનો દીવો ગુરુ પાસે અને આપણો દીવો આપણી સાથે રહેવાનો તે વાત ધ્યાન રાખવા જેવી છે. કોઈના દીવાના ભરોસે ભવાટવીમાંથી- ભવભ્રમણના જંગલમાંથી બહાર નીકળી શકાય નહિં. નાનો-મોટો પણ દીવો તો પોતાનો જ હોવો જોઈએ અને તો જ મૃત્યુ પછી સૌના માર્ગ અલગ અલગ થઈ જાય ત્યારે મુશ્કેલી ન પડે અને આગળની યાત્રા નિરાંતે પોતાના દીવાના પ્રકાશમાં કરી શકાય. ભવાંતરમાં પોતાનો દીવો જ સાથમાં રહેશે માટે નાનો પણ આપણો દીવો તૈયાર કરી લઈએ. પારકાનો દીવો ગમે તેવો ઝગમગતો હશે - ગુરુ ગમે તેવા જ્ઞાની હશે - તો પણ તે દીવો જીવન પૂરું થઈ ગયા પછી આપણને કામ નહિ આવે, તેનો પ્રકાશ આગળનો માર્ગ નહીં અજવાળી શકે. માટે મહાત્માઓએ કહ્યું છે કે 'અપ્પ દીપો ભવ' હે આત્મન્, તું જ તારો દીવો થા. આપણે મૃત્યુની વેળાએ બેચાર મંત્રો બોલીને કે ભગવાનનું સ્મરણ કરીને દીવો પ્રગટાવવા મથીશું તો તે દીવો કેટલો પ્રગટવાનો અને કેવો પ્રગટવાનો ?

**129.** જ્ઞાનનો દીવો ક્યારે કામ આવે?

(1) અજાણ્યા સ્થળે (2) જીવનમાં (3) અંધારામાં (4) અજવાળામાં

**130.** શાણા માણસે ક્યારે જ્ઞાનનો દીવો તૈયાર રાખવો જોઈએ?

(1) બપોરે (2) રાતે (3) સવારે (4) મૃત્યુ પહેલા

**131.** 'ભવાટવી' શબ્દ માટે શબ્દસમૂહ શોધો.

(1) અંધારરૂપી અજ્ઞાન (2) ભવરૂપ સાગર (3) જીવરૂપી માણસ (4) ભવરૂપી જંગલ

**132.** અંત સમયે કરેલી પ્રાર્થના કેવી નીવડે?

(1) ફળદાયી (2) નિષ્ફળ (3) સફળ (4) સાર્થક

**133.** 'પોતાનો દીવો જ સાથ આપશે' વિધાનમાં નિપાત શોધો

(1) જ (2) સાથ (3) પોતાનો (4) દીવો

**134.** 'અપ્પ દીપો ભવ' એટલે શું?

(1) તું તારો પ્રકાશ થા (2) જેવું કરો તેવું પામો (3) આ દીવો છે (4) તે દીવો છે

**135.** મોટા ભાગના લોકો કેવી રીતે જીવે છે?

(1) આત્મજ્ઞાન મેળવીને (2) આનંદ કરીને (3) આત્માને છેતરીને (4) બીજાને છેતરીને

**136.** નવી શિક્ષણનીતિ અંતર્ગત ભાષાશિક્ષણ સંદર્ભે નીચેનામાંથી કયુ સાચું નથી?

(1) ત્રિભાષા ફોર્મ્યુલા તળે ભારતીય ભાષાઓનો અભ્યાસ

(2) ત્રિભાષા ફોર્મ્યુલા તળે એક ભાષા તરીકે અંગ્રેજીનો અભ્યાસ

(3) ત્રિભાષા ફોર્મ્યુલા તળે ક્લાસીકલ ભાષાનો અભ્યાસ

(4) ત્રિભાષા ફોર્મ્યુલા તળે માતૃભાષા / ગૃહભાષાનો અભ્યાસ

**137.** આઠમા ધોરણની શિક્ષિકા પાંચ વાક્યોનો એક અંગ્રેજી પાઠ બે વાર વર્ગમાં વાંચે છે અને વિદ્યાર્થીઓને ધ્યાન થી સાંભળવાનું કહે છે. પછી તે વિદ્યાર્થીઓને ચારના એક એવા જૂથોમાં વહેંચાઈ જઈને આ વાર્તાનું અસલથી નજીક એવું પુનર્લેખન કરવાનું કહે છે. આ પ્રવૃત્તિને શું કહેવાય?

(1) સામૂહિક શ્રુતલેખન (2) શ્રવણ કાર્ય (ટાસ્ક) (3) લેખન કાર્ય (ટાસ્ક) (4) પરિચ્છેદ શ્રુતલેખન

**138.** કોઈ એક ભાષામાં ઉત્તમ લેખન શીખવા સંદર્ભે નીચેનામાંથી કઈ પ્રક્રિયા થાય છે?

(1) બુદ્ધિમંથન - મુદ્દાનોંધ - મુસદ્દાલેખન - સંકલન - રૂપરેખા - અંતિમ વાચના

(2) બુદ્ધિમંથન - મુદ્દાનોંધ - રૂપરેખા - મુસદ્દાલેખન - સંકલન - અંતિમ વાચના

(3) બુદ્ધિમંથન - રૂપરેખા તૈયાર કરવી - મુસદ્દો ઘડવો - મુદ્દા તૈયાર કરવા - સંકલન કરવું - અંતિમ વાચના તૈયાર કરવી

(4) બુદ્ધિમંથન - મુદ્દાનોંધ - મુસદ્દાલેખન - રૂપરેખા - સંકલન - અંતિમ વાચના

**139.** ભાષાશિક્ષણ સંદર્ભે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?

(1) સ્થાનિક / પ્રથમ ભાષાનું જ્ઞાન દ્વિતીય ભાષા શીખવામાં સહાયક નીવડે છે

(2) પ્રથમ ભાષાનું શિક્ષણ અને દ્વિતીય ભાષા પરસ્પરથી તદ્દન ભિન્ન છે

(3) સ્થાનિક / પ્રથમ ભાષાની જાણકારી / જ્ઞાન દ્વિતીય ભાષા શીખવામાં નડતરરૂપ થાય છે

(4) સ્થાનિક / પ્રથમ ભાષાના જ્ઞાનને દ્વિતીય ભાષાના શિક્ષણ સાથે નિસબત નથી

**140.** એલમ નામનો સાતમા ધોરણનો વિદ્યાર્થી કન્નડ, મરાઠી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓ બોલી શકે છે. ઘરમાં તે આ ચારેય ભાષાઓનો છૂટથી ઉપયોગ કરે છે અને શાળામાં હિન્દી, કન્નડ અને અંગ્રેજી બોલે છે કેમ કે એના મિત્રો અને શિક્ષકો આ ભાષાઓ જાણે છે. આ પ્રવૃત્તિને શું કહેવાય?

(1) કોડ-મૂવિંગ (2) આંતરભાષા (ઈન્ટરલેંગ્વેજ) (3) ભાષાંતરણ ક્ષમતા (4) કોડ-મેશિંગ

**141.** નીચેનામાંથી કઈ બાબત અકાદમિક ભાષા અથવા વિવિધ સામગ્રીક્ષેત્રની ભાષાને લાગુ પડે છે?

(1) કમ્યૂનિકેટિવ લેંગ્વેજ પ્રોફિસિઅન્સી

(2) કૉગ્નિટિવ ઍકેડેમિક લેંગ્વેજ પ્રોફિસિઅન્સી

(3) ઈન્ટરલેંગ્વેજ પ્રોફિસિઅન્સી

(4) બેસિક ઈન્ટરપર્સનલ કમ્યૂનિકેશન સ્કીલ્સ (BICS)

**142.** અહીં એક એવી સ્થિતિ સર્જાઈ છે જેમાં કોઈ એક વિષયના સામા છેડાના દષ્ટિકોણને સમજવાની તક વિદ્યાર્થીઓને આપવામાં આવી છે જેથી તેઓ વિષયને આગળ ઉપર વધુ સમજી શકે. આ પ્રક્રિયા વિદ્યાર્થીઓની કઈ ક્ષમતા વિકસિત કરવા માટે પ્રયોજાય છે?

(1) સમીક્ષાકેન્દ્રી સાક્ષરતા

(2) સાક્ષરતા વિકાસ

(3) સમીક્ષાત્મક વિશ્લેષણ

(4) પ્રક્રિયા આધારિત પદ્ધતિશાસ્ત્ર

**143.** રસોડાની સામગ્રીના વર્ણન માટે એક શિક્ષિકા વર્ગખંડમાં છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ માટે ચમચો, થાળી, વાસણો, બોક્સ અને તવો લઈ આવે છે. આ સાધનોને ભાષાશિક્ષણમાં શું કહેવાય?

(1) રાંધણ સામગ્રી

(2) વાસ્તવિક જીવનલક્ષી કાર્ય (ટાસ્ક)

(3) શિક્ષણ સામગ્રી

(4) રિઅલિઆ

**144.** સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ વર્ગખંડ વ્યાખ્યાનના મુખ્ય મુદ્દાઓને સમજવાનો પ્રયાસ કરે છે. પોતાના મુદ્દા રજુ કરે છે. આ કૌશલ્યને શું કહેવાય?

(1) લેખનકૌશલ્ય (2) જ્ઞાનકૌશલ્ય (3) અભ્યાસકૌશલ્ય (4) શ્રવણકૌશલ્ય

**145.** શીખેલા વિષયની ફલશ્રુતિ વિદ્યાર્થીઓને શેના માટે સક્ષમ બનાવે છે?

(1) તમામ કૌશલ્યોની લઘુતમ સમજણપ્રાપ્તિ માટે

(2) ભાષાઘટકોની માપનક્ષમ સજ્જતા અને પ્રાપ્તિ માટે

(3) માપન થઈ શકે એ સ્તરનું વ્યાકરણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે

(4) સુયોગ્ય ક્ષમતા કેળવવા માટે

**146.** 'ટ્રાન્સલેંગ્વેજિંગ' એટલે શું?

(1) એકથી વધુ ભાષાઓનો સંસાધન તરીકે વર્ગખંડમાં ઉપયોગ કરવાની પદ્ધતિશાસ્ત્રગત પ્રક્રિયા

(2) શાળામાં કેટલી ભાષાઓ ભણાવવી એ અંગેની 'ભાષા શિક્ષણ નીતિ'

(3) ભાષાઓ ભણતી-ભણાવતી વખતે એકથી અન્ય ભાષા ભણી ગતિ કરવી

(4) સમય સાથે ભાષાઓમાં કેવું પરિવર્તન આવે છે તે અંગેની સમજણ

**147.** નીચે આપેલા પ્રશ્નનો પ્રકાર શોધો.

પ્રશ્નઃ- એક નાની બાલિકાની વાર્તા વાંચીને તમે એની યાતના અને એણે અનુભવેલી તકલીફો સમજી શકો છો. તમે આ બાળકી પ્રત્યે સમભાવ દર્શાવા પત્ર લખવા ધારો છો. આશરે 120 શબ્દોમાં આ પત્ર લખો.

(1) જ્ઞાનમૂલ્યપરક પ્રશ્નોના પ્રકારમાં આ પ્રશ્ન આવે.

(2) રસળતાં પ્રશ્નની શ્રેણી કે પ્રકારમાં આ પ્રશ્ન આવે.

(3) અભિવ્યક્તિપરક પ્રશ્નોના પ્રકારમાં આ પ્રશ્ન આવે.

(4) સવિસ્તર ઉત્તર લખવાના પ્રકારમાં આ પ્રશ્ન આવે.

**148.** ત્રિભાષા ફોર્મ્યુલા સંદર્ભે નીચેનામાંથી કયુ સાચું છે?

(1) બધાં બાળકોનું શાળેય શિક્ષણ રાજભાષા હિન્દીમાં આરંભાય અને હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું થતા પહેલા ઓછામાં ઓછી બે વધુ ભાષાઓ ઉમેરાય

(2) બધાં બાળકોનું શાળેય શિક્ષણ એમની માતૃભાષા / ગૃહભાષામાં આરંભાય અને હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું થતાં સુધીમાં ઓછામાં ઓછી બે ભાષાઓ ઉમેરાય

(3) બધાં બાળકોનું શાળેય શિક્ષણ અંગ્રેજી / ગૃહભાષામાં શરૂ થાય અને હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું થતા પહેલાં એમાં બીજી બે ભાષાઓ ઉમેરાય

(4) બધાં બાળકોનું શાળેય શિક્ષણ રાજભાષાથી આરંભાય અને હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું થતા સુધીમાં એમાં ઓછામાં ઓછી બે ભાષાઓ ઉમેરાય

**149.** ભાષાશિક્ષણ સંદર્ભે મૌખિક વ્યાયામ અને 'ભાષાની ઔપચારિક બાબતોમાં મહારત' ને મહત્વ આપતી હોય એવી પદ્ધતિ નીચેના વિકલ્પોમાંથી શોધો.

(1) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ (2) સમગ્ર ભૌતિક પ્રતિસાદ (ટોટલ ફિઝિકલ રિસ્પોન્સ)

(3) ધ્વનિભાષાશાસ્ત્ર (ઓડિયો લિંગ્વલિઝમ) (4) પ્રત્યાયનકેન્દ્રી ભાષાશિક્ષણ

**150.** ઘોષણાક્ષમ (ડિક્લેરેટિવ) જ્ઞાન એટલે....

(1) વ્યાકરણ ઘટકમાં રહેલી ભૂલ શોધવાની આવડત

(2) વ્યાકરણ ઘટકના વ્યવહારુ ઉપયોગની આવડત

(3) કોઈ ભાષાના શબ્દઉચ્ચારણની જાણકારી હોવી

(4) વ્યાકરણ ઘટકો વિશેનું જ્ઞાન

- o O o -

SPACE FOR ROUGH WORK

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-**2** માં એક જ વર્તુળને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ્દ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે. **પરીક્ષાર્થીએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન હાજરીપત્રકમાં આપેલ નિયત સ્થાન પર અચૂક કરવાનું રહેશે.**
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. ***પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **नीले/काले बॉल पॉइन्ट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के कोड या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका कोड व संख्या को परीक्षार्थी सही तरीके से उपस्थिति-पत्र में लिखें।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और परीक्षार्थी विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं उपस्थिति-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार उपस्थिति-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान उपस्थिति-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी परीक्षण संस्था के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला परीक्षण संस्था के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी भी परिस्थिति में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Blue / Black Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against the candidate including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Examining Body with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Examining Body.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***